**મે. છોટાઉદેપુર ના એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક(એ.પી.જોષી)સાહેબ શ્રી. ની કોર્ટમાં મુ.છોટાઉદેપુર** **ફો.કેસ. નં.૧૨૭૧/૨૦૨૫**

**આંક–૦૪**

**GJCU020017532025**

**ફરીયાદી:– શ્રી સરકાર.** વિરૂધ્ધ

આરોપી :–પ્રવિણભાઈ હુકડીયાભાઈ બામણીયા
રહેવાસી.–જુના કઠઠીવાડા .તા.કઠઠીવાડા.જી.અલીરાજપુર
ગુન્હો : ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ ૬૬(૧)બી. મુજબ

:: **ચુકાદો** ::

૧.) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામે આરોપી વગર પાસ પરમીટે દારૂ પીધેલ હાલતમાં છાટકો બની લથડીયા ખાતા મળી આવી, ગુજરાત પ્રોહીબીશન એક્ટની ધારા ૬૬(૧)બી. ની ભાષામાં સમાવિષ્ટ ગુન્હો અદાલતની હકૂમતમાં આચારેલ હોઈ, જે મુજબની પોલીસ તપાસ પુર્ણ કરી અદાલત સમક્ષ ધારાસરનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

૨.) આ કામના આરોપીને ચાર્જશીટ સાથે અદાલત સમક્ષ હાજર રખાતા, તેને સી.આર.પી.સી. કલમ ૨૦૭ અન્વયે મળવાપાત્ર પોલીસ પેપર્સની નકલ પુરી પાડી પળી રેકર્ડ કરવામાં આવેલ,આરોપીની **આંક–૦૨** થી પ્લી નોધવામા આવી જેમાં આરોપીએ તેના ઉપર આક્ષેપિત ગુનહા સબબ કબૂલાત કરી, **આંક-૦૩**થી અલગથી કબુલાત પુરશીશ અદાલત સમક્ષ રજુ કરેલ. જેમાં જણાવેલ હકીકત મુજબ, તેઓ ગુન્હાની સ્વેચ્છીક કબુલાત કરે છે. તેઓ ઉપર આવા પ્રકારના ગુન્હાનો પ્રથમ આક્ષેપ છે. તેઓ ગરીબ વર્ગના, ઘરમાં એકમાત્ર કમાનાર-ભરણપોષણ કરનાર છે. તેઓ હવે બાદ આવા પ્રકારનો ગુન્હો કરશે નહીં કે કોઈ પ્રવૃતિમાં ભાગીદાર બનશે નહીં. તેઓએ દારૂ પીધેલ હાલતમાં કોઈ ઉપદ્રવ, ઝગડો, અસભ્ય વર્તન, મારા-મારી કરેલ હોઈ કે અશિષ્ટ ભાષા બોલેલ હોઈ તેવું બનેલ નથી. તેઓ તર્ફે રહેમ નજર રાખી ઓછામાં ઓછી સજા કરવા અરજ ગુજારેલ છે. જ્યારે ચાર્જશીટ વંચાણે લેતા, તેઓ ઉપર જાહેરમાં વગર પાસ પરમીટ દારૂ પીધેલ હાલતમાં છાટકો બની લથડીયા ખાતો મળી આવ્યાનો આક્ષેપ છે. જે આજરોજ આરોપી અદાલત સમક્ષ હાજર રહી ગુન્હા કબુલાત કરતાં હોઈ, અને આ કામે અલગથી ગુન્હા કબુલાત પુરશીશ રજુ કરતાં હોઈ, જે ગુન્હા કબુલાતને તથા રજુ કરેલ પુરશીશને નહીં માનવાને કોઈ કારણ નથી જેથી કબુલાત સ્વીકારી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

ક્રી.પ્રો. કોડની જોગવાઈ અન્વયે, આરોપી– પ્રવિણભાઈ હુકડીયાભાઈ બામણીયા– નાઓને ગુજરાત પ્રોહીબીશન એક્ટની ધારા ૬૬(૧)બી. મુજબના ગુનામાં તેમની સ્વેચ્છિક કબૂલાત ધ્યાને લઈ, તેમણે કસૂરવાર ઠેરવી, ગુન્હાની સજા સંદર્ભેની તેમની રજૂઆત ધ્યાને રાખી, આરીપીને રૂ. ૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે.

આરોપી દંડ ભરવામાં કસૂર કર્યેથી દિન-૦૭ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તા.૦૮ મી માર્ચ ૨૦૨૫ ના રોજ સ્પેશીયલ સીટીંગમા વાંચી સંભળાવી જાહેર કરવામા આવે છે.

**તા. ૦૮/૦૩/૨૦૨૫**

**(અમીષ પ્રફુલચંદ્ર જોષી)**
**એડી.સીવીલ જજ અને જ્યુડી.મેજી.ફ.ક,છોટાઉદેપુર**
**Judge Code:- GJ01446**

Receipt No.-____________/2025
Received Rs. **100/- ONE hundred Rupees Only**
**Date-08/03/2025**

**Nazir**

**C.J.M Court Chhotaudepur**